Gujarati Midday Pg 12, 22nd March 2022

# ભારતમાં એક ક્રિપ્ટોકરન્સીના નફા સામે બીજીની ખોટનું સેટ-ઑફ કરવા નહીં દેવાય

## આઇસી૧૫ ઇન્ડેક્સ ૨૬૦ પૉઇન્ટ વધ્યો

**ભારતમાં** સ્પષ્ટપણે કહેવામાં આવ્યું છે કે એક ક્રિપ્ટોકરન્સીના નફાની સામે બીજી કોઈ કરન્સીની ખોટને મજરે આપવામાં આવશે નહીં. સરકારે લોકસભામાં આ મુજબનું નિવેદન સોમવારે કર્યું હતું. બીજી બાજુ, ક્રિપ્ટોકરન્સીને બધે કાનૂની માન્યતા મળે કે ન મળે, પણ એને લીધે થતાં કૌભાંડો બંધ થવા જોઈએ એ મતલબનો નિર્દેશ સિક્યૉરિટીઝ સંબંધિત આંતરરાષ્ટ્રીય સંસ્થાએ આપ્યો છે.

ઇન્ટરનૅશનલ ઑર્ગનાઇઝેશન ઑફ સિક્યૉરિટીઝ કમિશને કહ્યું છે કે ક્રિપ્ટોકરન્સીનાં તથા રોકાણને લગતાં અન્ય કૌભાંડોને અટકાવવા માટે આંતરરાષ્ટ્રીય સ્તરે સમન્વય સાધવાની જરૂર પડી શકે છે. દરમિયાન, ક્રિપ્ટોકરન્સી માર્કેટમાં બીટકૉઇન ૪૧,૪૦૦ ડૉલરની આસપાસ અથડાઈ રહ્યો છે. આ લખાઈ રહ્યું છે ત્યારે એનો ભાવ ૦.૨૩ ટકાના ઘટાડા સાથે ૪૧,૪૫૪ ડૉલર ચાલી રહ્યો છે. ઈથેરિયમ ૧.૮૫ ટકાની વૃદ્ધિ સાથે ૨૯૩૪ ડૉલર પર પહોંચ્યો છે. ટેરા લ્યુનામાં ૩.૭૪ ટકા, કાર્ડાનોમાં ૨.૫૭ ટકા, સોલાનામાં ૧.૧૦ ટકા અને અવાલાંશમાં ૫.૩૪ ટકાની વૃદ્ધિ થઈ છે. કુલ માર્કેટ કૅપ ૦.૭૬ ટકા વધીને ૧.૮૮ ટ્રિલ્યન ડૉલર થયું છે. અગાઉ, ક્રિપ્ટોવાયરે લૉન્ચ કરેલો ક્રિપ્ટોકરન્સીનો વિશ્વનો સર્વપ્રથમ ઇન્ડેક્સ - આઇસી૧૫ સોમવારે બપોરે ૪.૦૦ વાગ્યે ૨૬૦ પૉઇન્ટ (૦.૪૩ ટકા)ના વધારા સાથે ૬૦,૨૭૯ પૉઇન્ટ બંધ રહ્યો હતો. ઇન્ડેક્સ ૬૦,૫૨૦ ખૂલ્યા બાદ ઉપરમાં ૬૦,૭૨૭ અને નીચામાં ૫૮,૭૬૯ ગયો હતો.